# વાસંદા-વધઈમાં ૮ ઈંચથી વધુ વરસાદ

## દક્ષિણ ગુજરાતમાં ઉંમરપાડામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૩ અને માંગરોળમાં ૧૮ ઇંચથી વધુ વરસાદ : ૨૪ તાલુકાઓમાં ચાર ઇંચથી વધુ વરસાદ પડ્યો

અમદાવાદ, તા.૫

દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, ભરુચ અને નર્મદાના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થઈ રહ્યો છે. ગુજરાત ઉપર મોનસુન જોરદારરીતે સક્રિય થયેલું છે. દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ હળવો વરસાદ થયો છે. ઉત્તર ગુજરાતમાં પણ વરસાદ થયો છે. હાલમાં વરસાદી માહોલ અકબંધ રહી શકે છે. ગુજરાતમાં આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૧૭૦ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ થયો છે. જેમાં ઉંમરપાડામાં ૨૩ અને માંગરોળમાં ૧૮ ઈંચથી વધુ વરસાદ થયો છે. આજે પણ સવારમાં ચાર કલાકના ગાળામાં ડાંગના વધઈ તાલુકામાં આઠ ઈંચથી વધુ વરસાદ થયો હતો. નવસારી વાસંદામાં પણ આઠ ઈંચ વરસાદ થયો હતો. ૪૯ તાલુકાઓમાં આજે સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. આહવામાં ચાર ઇંચ, ડોલવણમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ આજે પણ થઈ ચુકયો છે. છેલ્લા એક અઠવાડિયાથી વરસાદ ગુજરાતના મોટાભાગના વિસ્તારોને ધમરોળી રહ્યો છે. ખાસ કરીને દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં જળબંબાકારની સ્થિતિ છે. હાલ દક્ષિણ ગુજરાતમાં પૂરની સ્થિતિ ઉભી થઈ છે અને તંત્ર પણ દોડધામ કરી રહ્યું છે.

આજે સવારે પણ દક્ષિણ ગુજરાતમાં સાંબેલાધાર વરસાદ પડ્યો છે. સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર મુજબ, નવસારીના વાંસદામાં સવારના ૬થી ૮ વાગ્યા વચ્ચે ૧૫૦ મિમિ એટલે કે માત્ર બે કલાકમાં ૬ ઈંચ અને ૮થી ૧૦ વાગ્યા સુધીમાં ૫૭ મિમિ વરસાદ પડ્યો હતો. આમ વાંસદામાં ચાર કલાકમાં જ ૮ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો.





જ્યારે હવામાન વિભાગ દ્વારા ઓગસ્ટ મહિનામાં ૯૯ ટકા વરસાદ થવાનું અનુમાન કરવામા આવ્યું છે.

આ સાથે જ રાજયમાં અત્યાર સુધીમાં સીઝનનો ૬૧.૫૫ ટકાથી વધુ વરસાદ પડયો છે. રાજયના કુલ ૩૦થી વધુ જિલ્લાઓમાં ૧૭૦થી વધુ તાલુકામાં ૩૩ મિમિ વરસાદ નોંધાયો હતો. જ્યારે ડાંગના વઘઈ તાલુકામાં સવારના ૬થી ૮ વાગ્યા વચ્ચે ૫૦ મિમિ એટલે કે બે ઈંચ અને ૮ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં ૧૫૦ મિમિ એટલે કે ૬ ઈંચ વરસાદ પડ્યો હતો. આમ ચાર કલાકમાં જ વઘઈમાં ૮ ઈંચ વરસાદ પડ્યો હતો. આ સિવાય સવારના ૬થી ૧૦ વાગ્યા સુધીમાં આહવામાં ૯૩ મિમિ એટલે કે ૪ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ૩૦ જિલ્લાના ૧૭૦ તાલુકામાં ૩૩ મિમિ જેટલો વરસાદ નોંધાયો હતો.

# અરવલ્લી નજીક માલપુરમાં સોનાક્ષી સિંહાનું પૂતળાદહન

મોડાસા, તા.૫

સમગ્ર દેશમાં અનુસૂચિત જાતિ સમાજના લોકો સાથે ભેદભાવભર્યું વલણ દાખવવાનો વધુ એક કિસ્સો સામે આવતાં આ સમાજમાં ફરી એકવાર ઘેરા



પ્રત્યાઘાત પડયા છે. આ વખતે બોલીવુડની અભિનેત્રી સોનાક્ષી સિંહાએ એક ઈન્ટરવ્યુમાં વાલ્મિકી સમાજ માટે અપમાનજનક શબ્દ વાપરતાં સમગ્ર દેશમાં વાલ્મિકી સમાજમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. આજે અરવલ્લી જીલ્લાના માલપુરમાં વાલ્મિકી સમાજે સોનાક્ષી સિંહાના પૂતળાનું દહન કરી મામલતદારને આવેદનપત્ર આપી એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધવા માંગ કરી હતી. અરવલ્લી જિલ્લા વાલ્મિકી સમાજે બોલિવુડ અભિનેત્રી સોનાક્ષી સિંહાનો ભારે વિરોધ કરી માલપુરમાં તેણીના પુતળાનું દહન કર્યું હતું.

વાલ્મિકી સમાજના અગ્રણી લાલજી ભગતના જણાવ્યા મુજબ, અભિનેત્રી સોનાક્ષી સિંહા અને સિદ્ધાર્થ કાને અનુસૂચિત જાતિ વિષે એક ઈન્ટરવ્યુમાં જાતિ વિષયક આપત્તિજનક શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું. જાતિ વિષયક શબ્દોના આપત્તિજનક શબ્દોથી જિલ્લાના લોકોમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. આ ઈન્ટરવ્યુનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે, જેને લઈને વાલ્મિકી સમાજના લોકોએ ઠેરઠેર વિરોધ નોધાવ્યો હતો. અરવલ્લી જિલ્લાના માલપુર નગરમાં અનુસૂચિત જાતિના લોકોએ સોનાક્ષી સિંહા અને સિદ્ધાર્થના પૂતળા દહન કરી વિરોધ નોધાવ્યો હતો. ત્યારબાદ આ અંગે મામલતદારને આવેદન પત્ર આપી બન્ને ફિલ્મ કલાકારો સામે પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધવાની માંગ કરી હતી.



## લીલછા રચના વિદ્યાલયનું ગૌરવ

ભિલોડા તાલુકાના લીલછા ગામની રચના વિદ્યાલયનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં દ્વિતીય નંબર હાંસલ વિદ્યાર્થીઓએ કર્યો હતો. ભિલોડા તાલુકા પંચાયત પુર્વ પ્રમુખ, રચના વિદ્યાલય આચાર્ય અમરતભાઈ બરંડા, સુરપાલસિંહ સિસોદીયા, પ્રહલાદભાઈ પટેલ, હેમલત્તાબેન બરંડા, મોનીકાબેન બરંડા, સચીનભાઈ બરંડા, નિલેશભાઈ પ્રજાપતિ સહિત સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# મેઘરજ પોલીસે ચોરી કરેલ હુન્ડાઈ કાર સાથે લૂંટ કરવા નીકળેલ રાજસ્થાનના ચોરને દબોચ્યો

મેઘરજ, તા. ૫

રાજસ્થાનના સીમલવાડા શહેર માંથી ચોરેલ હુન્ડાઈ આઈ-૧૦ કાર લઈ ગુજરાત રાજ્યમાં ચોરી-



લૂંટની ઘટનાને અંજામ આપવા નીકળેલ શખ્સ પેટ્રોલિંગમાં રહેલી મેઘરજ પોલીસની સતર્કતાથી મેઘરજના ડુંડવાડા ગામ નજીકથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

મેઘરજ પીએસઆઈ પી.ડી. રાઠોડ અને તેમની ટીમ વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ડુંડવાડા ગામ નજીકથી પસાર થતી નંબર વગરની આઈ-૧૦ કાર શંકાસ્પદ જણાતા કાર ચાલકને અટકાવી કારની તલાસી લેતા કારમાંથી જીજે૦૯બીબી ૧૮૮૨ નંબરની બે નંબર પ્લેટ મળી આવતા કારચાલક પ્રકાશ શંકર ડામોર (રહે, નાગરિયા પંચાલ, ડુંગરપુર)ની પૂછપરછ કરતા આઈ-૧૦ કાર તેના ગામના જ જગદીશ કઉડા રોત અને શૈલેષ રામભાઈ રોત સાથે મળી ૩૦ જુલાઈની રાત્રીના સુમારે રાજસ્થાનના સીમલવાડા બસ સ્ટેન્ડ નજીક આવેલા દવાખાનામાં ચોરી કરવા જતા દવાખાનાના કબાટમાંથી કારની ચાવી મળી આવતા કારની ચોરી કરી હોવાનું અને કાર લઈ મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ચોરી કરવા નીકળ્યો હોવાની કબૂલાત કરતા પોલીસે કારની કીં. રૂ. ૩૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ કીં. રૂ.૫૦૦૦ મળી કુલ રૂ.૩૦૫૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મેઘરજ પોલીસે પ્રકાશ શંકર ડામોરને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મેઘરજ પોલીસની સતર્કતાથી મેઘરજ વિસ્તારમાં ચોરી લૂંટની એક ઘટના બનતી અટકાવવામાં સફળતા મળી હોવાની સાથે ધંબોલા (રાજ) પોલીસ સ્ટેશન પ્રકરણ સંખ્યા ૧૬૨/૧૯ ઈપીકો કલમ-૩૭૯ મુજબનો ગુન્હો શોધી કાઢવામાં સફળતા મળી હતી.

# મેપડા બાદરપુરા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચના લેટરપેડનો કરાયો દુરઉપયોગ

### સરપંચના લેટરપેડ ઉપર કોઇક શખ્સ દ્વારા સરપંચનુ રાજીનામું લખીને તાલુકા પંચાયતમાં આપી ગયુ

વડગામ, તા. ૫

વડગામ તાલુકાના મેપડા બાદરપુરા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચના લેટરપેડનો કોઈક શખ્સ દ્વારા ખોટો ઉપયોગ કરીને સરપંચનુ પંચાયતપદેથી રાજીનામું લખીને તાલુકા પંચાયતના ડીસ્પેસ શાખામાં આપતા ખળભળાટ મચી ગયો છે.

મેપડા બાદરપુરા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચપદે રાકેશકુમાર ભીખાભાઈ પ્રજાપતિ છે. સરપંચના નામના લેટરપેડનો કોઈક શખ્સ દ્વારા દુર ઉપયોગ કરીને લેટરપેડ ઉપર સરપંચને કામનુ ભારણ રહેતું હોવાનું દર્શાવીને સરપંચનું ખોટું રાજીનામું લખીને શુક્રવારના તાલુકા પંચાયતના ડીસ્પેચ શાખામાં આપી ગયું હતું. પરંતુ શનિવારના બપોરના સરપંચ રાકેશ પ્રજાપતિને ટીડીઓનું કામ પડતાં ટીડીઓને ફોન કર્યો હતો ત્યારે ટીડીઓ દ્વારા સરપંચને પુછ્યુ કે શું તકલીફ પડી તમને રાજીનામું આપો છો તો સરપંચે ટીડીઓને કહ્યુ, શુ કહેવા માંગો છો સાહેબ સમજણ ન પડી. તો ટીડીઓ કહેલ કે રાજીનામું કેમ લખીને મોકલ્યુ છે. ત્યારે સરપંચને જણાવેલ કે મેંતો કોઈ રાજીનામું લખીને આપ્યું જ નથી. તો ટીડીઓએ સરપંચને રૂબરૂમાં તાલુકા પંચાયતમાં બોલાવીને તેમની સહીની ખરાઈ કરતાં સરપંચને ખબર પડી કે તેમના લેટરપેડનો કોઈક શખ્સ દ્વારા દુર ઉપયોગ કરીને તેમનું ખોટું રાજીનામું લખીને તાલુકા પંચાયતમાં આપી ગયું છે. આ બાબતે તાલુકા પંચાયતમાં સીસીટીવીમાં તપાસ કરતાં સરપંચના લેટરપેડ ઉપર ખોટું રાજીનામું લખીને આપી જનાર શખ્સનો ભાંડો ફુટી જવા પામ્યો હતો. મેપડા બાદરપુરા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ રાકેશ પ્રજાપતિ દ્વારા વડગામ પોલીસ તેમજ પાલનપુર એલ.સી.બી.મા લેખીતમાં અરજી આપીને લેટરપેડનો દુર ઉપયોગ કરીને સરપંચનુ ખોટું રાજીનામું લખીને આપનાર શખ્સ સામે ફરીયાદ કરાઈ હોવાનું સરપંચ દ્વારા જણાવવામાં આવ્યું હતુ.



# ડીસા રૂરલ પોલીસે વિદેશી દારૂ ઝડપ્યો

ડીસા રૂરલ પોલીસે મળેલી બાતમીના આધારે નાકાબંધી ગોઠવી બોલેરો ગાડી (ન. ઈદ્ધ ૧૬`દ્ભ ૦૮૧૭) સાથે બેને ઝડપી પાડ્યા હતા જો કે એક ઈસમ નાસી છૂટ્યો હતો બાદમાં પોલીસે ગાડીની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૦૪૧ બોટલ ( કિં. રૂ.૧૦૪૧૦૦) , ત્રણ મોબાઈલ (કિ.રૂ. ૪૫૦૦) તથા ગાડી મળી કુલ રૂ. ૩,૦૬,૬૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને પકડાયેલ ચાલક સેતાનસિંગ ખાનુંસીગ રાઠોડ ( રહે.શિકારગઢ જોધપુર) અને ભવાનિસિગ લક્ષમણસિંગ રાજપૂત ( રહે.જાંબ તા. સાંચોર હાલ સુરત) તથા ફરાર જયંતિ ગોસ્વામી ( રહે.ગોલવાડા તા. રાણીવાડા ) વિરૂદ્ધ પ્રોહીબિશન એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઐતિહાસિક નિર્ણય

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કાશ્મીર કેન્દ્રશાસિત ક્ષેત્રમાં પોતાની વિધાનસભા રહેશે. જ્યારે લડાખમાં કોઈ વિધાનસભા રહેશે નહી. લડાખ વિધાનસભા વગર કેન્દ્રશાસિત પ્રદેશ રહેશે. અમિત શાહે રાજ્યસભામાં એક સંકલ્પ રજૂ કરીને તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સંકલ્પમાં કહેવામાં આવ્યુ હતુ કે બંધારણની કલમ ૩૭૦ના તમામ ખંડ જમ્મુ કાશ્મીરમાં લાગુ કરવામાં આવનાર નથી. શાહે કહ્યુ હતુ કે વર્ષ ૧૯૫૦ અને વર્ષ ૧૯૬૦ના દશકોમાં તત્કાલીન કોંગ્રેસ સરકારોએ આવી જ રીતે કલમ ૩૭૦માં સુધારા કર્યા હતા. અમે પણ અગાઉની સરકારની જ રીતી અપનાવી રહ્યા છીએ. શાહે જાહેરાત કરી હતી કે રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ કલમ ૩૭૦ને નાબુદ કરનાર રાજપત્ર પર હસ્તાક્ષર કરી ચુક્યા છે. શાહે રાજ્યસભામાં જમ્મુ કાશ્મીર રાજ્ય ફેરરચના બિલ ૨૦૧૯ રજૂ કર્યુ હતુ. અમિત શાહે લડાખ માટે કેન્દ્રશાસિત પ્રદેશની રચનાની જાહેરાત કરી હતી. જ્યાં ચંગીગઢની જેમ વિધાનસભા રહેશે નહીં. શાહે કહ્યુ હતુ કે કાશ્મીર અને જમ્મુ ડિવિઝન વિધાનસભાની સાથે એક અલગ કેન્દ્રશાસિત પ્રદેશ રહેશે. જ્યાં દિલ્હી અને પુડુચેરીની જેમ વિધાનસભા રહેશે. અમિત શાહે કહ્યુ હતુ કે રાષ્ટ્રપતિની મંજુરી બાદ કલમ ૩૭૦ના તમામ ખંડ લાગુ થશે નહીં. અમિત શાહના નિવેદનને લઈને સવારથી જ ભારે સસ્પેન્સની સ્થિતિ રહી હતી. તેમના નિવેદન ઉપર દેશભરની નજર કેન્દ્રિત થઈ ગઈ હતી. અમિત શાહે એમ પણ કહ્યું હતું કે, સંકલ્પ રજૂ કરીને તેઓ વિવિધ બાબતો સ્પષ્ટ કરી રહ્યા છે. શાહે વિપક્ષના પ્રશ્નોના જવાબમાં કહ્યું હતું કે, કલમ ૩૭૦ને ખતમ કરવાની બાબત કાશ્મીરના લોકોના હિતમાં છે. ગુલામ નબી આઝાદ કહે છે કે, આ ગેરબંધારણીય તરીકો છે પરંતુ તેઓ આના માટે ચર્ચા માટે પણ તૈયાર છે. આજે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી જેમાં જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવાનો નિર્ણય કરાયો હતો ત્યારબાદ સંસદમાં આ અંગેની જાહેરાત વિધિવતરીતે કરવામાં આવી હતી. કાશ્મીરમાં જારી રાજકીય હલચલની વચ્ચે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દુર કરવા માટેની જાહેરાત કરી હતી.

કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહના નિવેદન વચ્ચે રાજ્યસભામાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી. કોંગ્રેસ સહિતના તમામ રાજકીય પક્ષોએ હોબાળો મચાવ્યો હતો. અગાઉ સવારમાં બેઠકોનો દોર જારી રહ્યો હતો. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દુર કરવા માટેની પ્રક્રિયા હવે શરૂ થઈ ગઈ છે. કેન્દ્રિય કેબિનેટની મહત્વપૂર્ણ બેઠક આજે સવારે શરૂ થઈ હતી. જેના પર તમામની નજર હતી. જે આશરે ૪૦ મિનિટ સુધી ચાલી હતી. મોડેથી રાજ્યસભામાં પ્રસ્તાવ રજૂ કરીને માહિતી આપવામાં આવી હતી. અમિત શાહે જાહેરાત કરી હતી કે જે દિવસે રાષ્ટ્રપતિ દ્વારા ગેજેટ નોટિફિકેશન સ્વીકાર કરી લેવામાં આવશે તે દિવસથી બંધારણની કલમ ૩૭૦ (૧) ઉપરાંત અન્ય કોઈ ખંડ લાગુ થશે નહીં.

વિપક્ષી પક્ષો તરફથી જોરદાર ધાંધલ ધમાલ કરવામાં આવતા કાર્યવાહી મોકુફ કરી દેવામાં આવી હતી. ગઈકાલે પણ રાજકીય હલચલના દોર વચ્ચે ગૃહમંત્રી અમિત શાહે ટોપના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠકમાં અમિત શાહની સાથે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ અને ગૃહસચિવ રાજીવ ગોબા ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક બાદ એડિશનલ સેક્રેટરી (જમ્મુ કાશ્મીર ડિવિઝન) જ્ઞાનેશ કુમાર પણ અમિત શાહને મળવા માટે પહોંચ્યા હતા. રાજ્ય સરકારે થોડાક દિવસ પહેલા જ સુરક્ષા કારણો આપીને અમરનાથ યાત્રીઓ અને પ્રવાસીઓને તરત જ કાશ્મીરથી પરત ફરવા માટેની સૂચના આપી દીધી હતી.

## નબળુ ચિત્ર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગામોમાં પણ વેરો ભરપાઈ કરવામાં વિશેષ નિરસતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. વેરા વસુલાત ઝુંબેશના અંતે દર વર્ષે તંત્ર દ્વારા બાકીદારોને નોટીસ આપવામાં આવે છે. જુના સેકટરોમાં અંદાજિત ૧૨ હજાર જેટલા જોડાણકર્તાઓ છે. જયારે આ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાંથી અંદાજિત માંગણા સામે અંદાજિત રૂ ૨૦ લાખનો વેરો ચુકવાયો નથી. જયારે શહેરના સેકટર સહીત ગ્રામ્ય વિસ્તાર સાથે કુલ બાકી માંગણાની રકમ મોટી થતી જાય છે. ત્યારે પ્રતિવર્ષ સરકાર દ્વારા પાણી વિતરણ માટે થતો તોતિંગ ખર્ચ ઉપર વેરા વસુલાતનો બાકી આંકડો સરકાર પર આર્થિક બોજ વધારી રહ્યો હોવાનુ પણ શિરદર્દ સમાન બન્યુ છે.

## ગ્રેડીંગ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લામાં આગામી દિવસોમાં જળસંચયને લઈ બાળરેલીઓનું પણ આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે. જળસંચય અંગે વક્તૃત્વ સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ અને તેમાં સારા પ્રતિસાદ પછી હવે ગામે ગામ રેલીઓના આયોજન અંગે તંત્ર સક્રિય બન્યુ છે.

## અસંખ્ય ફાયદા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કલમને દુર કરવા માટે લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી હતી. સાથે સાથે રાજ્યમાં કેટલાક લોકો આનો વિરોધ પણ કરી રહ્યા હતા. વિતેલા વર્ષોમાં રાજકીય પક્ષોએ પોતાના હિતોને ધ્યાનમાં લઈને ક્યારેય આને લઈને મોટા નિર્ણય કરવાની હિમ્મત કરી ન હતી. આજે મોદી સરકારે તેમની બીજી અવધિના ટુંકાં ગાળામાં જ આ નિર્ણય કર્યો છે. નરેન્દ્ર મોદી સરકારે બીજી અવધિમાં જે તરફ પગલા લીધા છે તેના કારણે રાજ્યને સીધા લાભ થનાર છે. દુરગામી પરિણામ આવનાર છે. ટુંક સમયમાં જ તેના લાભ દેખાવવાની શરૂઆત થઈ જશે. ભારતીય બંધારણમાં કલમ ૩૭૦ને લઈને હમેંશા ચર્ચા રહી છે. કલમ ૩૭૦ એક અસ્થાયી પ્રબંધ મારફતે જમ્મુ કાશ્મીરને એક ખાસ સ્વાયત્તતા આપે છે. ભારતીય બંધારણના ભાગ ૨૧ હેઠળ જમ્મુ કાશ્મીરને આના કારણે અસ્થાયી, પરિવર્તી અને ખાસ વ્યવસ્થા વાળા રાજ્ય તરીકે દરજ્જો આપે છે. ભારતના તમામ રાજ્યોમાં લાગુ થતા કાયદા પણ હાલમાં અહીં લાગુ થતા ન હતા. દાખલા તરીકે વર્ષ ૧૯૬૫ સુધી જમ્મુ કાશ્મીરમાં રાજ્યપાલની જગ્યાએ સદર એ રિયાસત અને મુખ્યપ્રધાનની જગ્યાએ વડાપ્રધાન તરીકે રહેતા હતા. બંધારણની કલમ ૩૭૦ની જોગવાઈ મુજબ સંસદને જમ્મુ કાશ્મીરના સંબંધમાં સંરક્ષણ, વિદેશ મામલે અને સંચારના વિષયમાં કાનુન બનાવવાના અધિકાર છે. પરંતુ કોઈ અન્ય વિષય પર સંબંધિત કાનુન બનાવવા માટે કેન્દ્રને રાજ્ય સરકાર પાસેથી મંજુરી લેવાની જરૂર હોય છે. રાજ્યના તમામ નાગરિકો એક અલવગ કાયદાની અંદર રહે છે. જેમાં નાગરિકા, સંપત્તિ ખરીદવાના અધિકાર અને મુળભુત અધિકારો સામેલ છે. આ તમામના કારણે બીજા રાજ્યોના લોકો ત્યાં સંપત્તિ ખરીદી લેવાની સ્થિતીમાં ન હતા. હવે તમામને રાહત થઈ ગઈ છે.

## શું બદલાયું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કારણે લાગૂ કરી શકાતી ન હતી જેના લીધે રાષ્ટ્રપતિની પાસે રાજ્ય સરકારને દરખાસ્ત કરવાના કોઈ અધિકાર ન હતા. ત્યાં રાષ્ટ્રપતિ શાસન નહીં બલ્કે રાજ્યપાલ શાસન લાગૂ કરાતું હતું. જમ્મુ કાશ્મીર હવે કેન્દ્ર શાસિત પ્રદેશ બન્યું છે જેથી આ સ્થિતિ બદલાઈ ગઈ છે

**બેવડી નાગરિકતા ખતમ**

જમ્મુ કાશ્મીરમાં હવે બેવડી નાગરિકતા થશે નહીં. કલમ ૩૭૦ના કારણે જમ્મુ કાશ્મીરના મતના અધિકાર માત્ર ત્યાંના સ્થાનિક લોકો માટે જ હતા. બીજા રાજ્યના લોકો અહીં મત આપી શકતા ન હતા. ચૂંટણીમાં ઉમેદવાર પણ રહી શકતા ન હતા. કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ બીજા રાજ્યના લોકો મત આપી શકશે અને ચૂંટણી ઉમેદવાર પણ બની શકશે. ભારતના કોઈપણ નાગરિક ત્યાંના વોટર અને ઉમેદવાર બની શકશે

**કાશ્મીર હવે કેન્દ્ર શાસિત રાજ્ય**

જમ્મુ કાશ્મીરમાં હજુ સુધી વિધાનસભાની ૮૭ સીટો હતી પરંતુ હવે રાજ્યનું વિભાજન થઈ ગયું છે. જમ્મુ કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે રહેશે. કાશ્મીર વિધાનસભાવાળુ કેન્દ્ર શાસિત પ્રદેશ રહેશે અને તેની અવધિ છ વર્ષના બદલે પાંચ વર્ષની રહેશે. લડાખ ચંદીગઢ જેવું કેન્દ્ર શાસિત પ્રદેશ રહેશે. હજુ સુધી જમ્મુ કાશ્મીરના હિસ્સા તરીકે લડાખ ગણાતું હતું. હવે કેન્દ્ર શાસિત પ્રદેશ બનશે. અહીં જમ્મુ કાશ્મીરની જેમ જ વિધાનસભા રહેશે નહીં. આનું વહીવટીતંત્ર ચંદીગઢની જેમ ચાલશે

**કાશ્મીરમાં અલગ બંધારણ નહીં**

કલમ ૩૭૦ દૂર થયા બાદ જમ્મુ કાશ્મીરને મળેલા વિશેષ અધિકાર પૂર્ણરીતે ખતમ થઈ ગયા છે. કેન્દ્ર સરકારના નિર્ણય બાદ જમ્મુ કાશ્મીરમાં ભારતીય બંધારણ પૂર્ણરીતે લાગૂ થશે. આ નિર્ણય બાદ જમ્મુ કાશ્મીરમાં પોતાના કોઈ બંધારણ રહેશે નહીં. જમ્મુ કાશ્મીરમાં ૧૭મી નવેમ્બર ૧૯૫૬ના દિવસે પોતાના બંધારણને લાગૂ કરવામાં આવ્યા બાદ આ વ્યવસ્થા ચાલી રહી હતી. કાશ્મીરમાં હવે કલમ ૩૫૬નો ઉપયોગ થઈ શકશે

**આરટીઆઈ કાયદા લાગૂ થશે**

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ દૂર થયા બાદ આરટીઆઈ અને સીએજી જેવા કાયદા લાગૂ થઈ શકશે

**બહારના રાજ્યના લોકોને નોકરી**

જમ્મુ કાશ્મીરમાં હવે બહારના લોકો એટલે કે દેશના અન્ય રાજ્યોમાંથી આવીને લોકો નોકરી કરી શકશે. રાજ્યમાં કોઈપણ નાગરિક નોકરીની સાથે સાથે અડચણ વગર રહી શકશે.

## સિક્સલેન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ક માર્ગ તેમજ રોડ નં -૫ ને સિકસલેન બનાવવા માટે ખર્ચને પણ મંજુરી આપી દેવામાં આવી છે. ચોમાસા બાદ માર્ગ વાઈડનીંગનુ કામ શરૂ કરી દેવાશે. હાલ ક માર્ગ ફોરલેન છે.

જેના લીધે ટ્રાફિકને લગતી સમસ્યા પણ રોજબરોજ ઉઠવા પામે છે. જયારે આ માર્ગ પર માર્ગ સલાતમી પણ જોખમમાં મુકાઈ છે. આ સ્થિતિને નિવારવા માટે ટ્રાફિકની અવરજવર વધતા માર્ગને સિકસલેન બનાવવા માટે નિર્ણય લેવાયો છે. આ બન્ને માર્ગોની કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૧ કરોડનો ખર્ચ કરાશે.

## ધોવાણ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બીજીતરફ હજુ ચોમાસાની સિઝનનો પુરતો વરસાદ થયો નથી ત્યારે પ્રથમ વરસાદમાં જ માર્ગોનુ ધોવાણ થતા સ્થાનિકોમાં પણ રોષની લાગણી વ્યાપી છે.

બીજીતરફ સેકટરોમાં ઉદભવેલી વરસાદી સમસ્યાઓના લીધે પણ સ્થાનિકોમાં રોષની લાગણી વ્યાપી છે. ત્યારે હળવા ભારે વરસાદના અંતે જ નગરમાં માર્ગોનુ ધોવાણ થવાની સાથે અનેકવિધ સમસ્યાઓએ તંત્રની પોલ ખોલી નાંખી છે.